નવરાત્રી ઈન ન્યૂઝ : રૂમઝૂમ કરતી નવરાત્રી નજીક આવી રહી છે તેમ શહેરમાં એની તૈયારીઓનાં દ્રશ્યો પણ દેખાઈ રહ્યાં છે. પ્રસ્તુત તસવીરમાં નવરાત્રીની તૈયારી માંડી રહેલા પાર્ટી પ્લૉટ્સ દ્રશ્યમાન થાય છે. ગાંધીનગર શહેરમાં આ વખતે ત્રણ પાર્ટી પ્લૉટ્સ તૈયાર થઈ રહ્યાના સમાચાર છે. (તસવીર : દિપક જાની)

સે-૧૬માં સરકારી મકાનમાંથી મોટું પોપડું ખર્યું!

ભયજનક આવાસમાં રહેતા પરિવારજનો પૈકી એકને સામાન્ય ઈજા

ગાંધીનગર, તા.૯

સે-૧૬માં સ્થિત 'ચ' કેટેગરીના એક આવાસમાં ગેલેરીની છતમાંથી મોટું પોપડું ખરતા એક વ્યકિતને ઈજા થવા પામી હતી. ગત રાત્રિ દરમિયાન અચાનક જ છતમાં ગાબડુ પડયું હતું. જો કે સદનસીબે છત નીચે હીંચકે ઝુલતા પરિવારજનો પૈકી કોઈને ગંભીર ઈજા થવા પામી ન હતી. ભયજનક બ્લોક ખાલી કરવા તંત્ર દ્વારા નોટીસ અપાયા બાદ પણ મકાન ખાલી કરાયું નથી જયારે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે રહીશોને ફાળવવામાં આવેલ મકાન રીનોવેશન હેઠળ હોવાથી તેમને જબરન આ બ્લોકમાં જ રહેવું પડે તેવી સ્થિતિ હોવાનો આક્રોશ પણ પરિવારજનોએ વ્યકત કર્યો છે.

શહેરમાં સ્થિત સરકારી આવાસો સર્દતર રામભરોસે હોવાનું સ્પષ્ટ થયું છે. રીનોવેશન હેઠળ આવરી લેવાના બાકી હોય તેવા મકાનો ભયજનક સ્થિતિમાં હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે ત્યારે આવાસોના મામલે 'ગ્રુડ કેટેગરી'ના બણગા ફૂંકતા તંત્રના જવાબદાર અધિકારીઓને પોપડા ખરવાની વખતોવખતની ઘટના બાદ પણ કોઈ પરવા ન હોય તેવી સ્થિતિ છે. કંગાળ આવાસોમાં પણ રહીશોનો વસવાટ હોવાથી ગમે ત્યારે જાન લેવા અકસ્માત થાય તેવી સ્થિતિ છે. શહેરમાં ભયજનક આવાસોની સંખ્યા વિશેષ છે. બીજી તરફ પત્તાના મહેલની જેમ સરકારી બ્લોક જમીન દોસ્ત થયા હોવાના કિસ્સા પણ અગાઉ ધ્યાને આવ્યા છે. આવા સંજોગોમાં હાલની સ્થિતિએ આવાસોની સ્થિતિ ભયજનક હોવા છતાં જવાબદાર તંત્રના પેટનું પાણી હાલતું નથી. અલબત્ત આવાસ રીનોવેશન પાછળ કરોડોનું આંધણ થયા બાદ પણ રહીશો પર ખતરો ઝંબુળી રહ્યો છે. સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી મકાનોમાં મોટામસ પોપડા ખરવાના કિસ્સાઓ પ્રકાશમાં આવતા રહીશો રામભરોસે હોવાનું સ્પષ્ટ થયું છે.

વર્ષમાં ચાર નવરાત્રીની ઉજવણી થાય છે

ગાંધીનગર, તા. ૯

આસો માસમાં ઉજવાતી નવરાત્રી ખુબ પ્રચલીત છે. સતત નવ નવ દિવસ સુધી આ દરમ્યાન યોજાતા ગરબામાં યુવાનો મન મુકીને ઘુમે છે. જો કે આ સીવાય પણ આપણે ત્યાં નવરાત્રી ઉજવાય છે. વર્ષમાં ચાર વખત ઉજવાતી જુદી જુદી નવરાત્રીઓનું આધ્યાત્મિક મહત્વ ખુબ છે.

વર્ષમાં ચાર વાર નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. જેના નામ વસંત નવરાત્રી, અષાઢ નવરાત્રી, શરદ નવરાત્રી અને પુષ્ય/માઘ નવરાત્રી છે. આમાં, પુરતશી મહિનામાં શરદ નવરાત્રીની ઉજવણી થાય છે અને વસંત કાલમાં વસંત નવરાત્રીની ઉજવણી થાય છે, જેને ખુબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

૧. વસંત નવરાત્રી : બસંત નવરાત્રી, જેને વસંત નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે શક્તિ (માતૃદેવી)ના નવ સ્વરૂપોની રીતે નવ દિવસોમાં સમર્પિત થયેલો ઉત્સવ છે. આ તહેવાર વસંતઋતુ (માર્ચ-એપ્રિલ)માં ઉજવાય છે. તેને ચૈત્ર નવરાત્રા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નવ દિવસોના ઉત્સવને રામા નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે.

૨. ગુપ્ત નવરાત્રી : ગુપ્ત નવરાત્રી, જેને અષાઢ કે ગાયત્રી કે શાકંભરી નવરાત્રી પણ કહેવાય છે, જે અષાઢ (જૂન-જુલાઈ) મહિનામાં શક્તિ (માતૃદેવી)ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરીને ઉજવવામાં આવે છે. ગુપ્ત નવરાત્રીને અષાઢ શુકલ પક્ષ (ચંદ્રના વધવાના તબક્કા) દરમિયાન અનુસરવામાં આવે છે.

૩. શરણ નવરાત્રી : આ ખુબ જ મહત્વની નવરાત્રી છે. તેને સામાન્ય રીતે મહા નવરાત્રી કહેવાય છે અને તેની ઉજવણી અશ્વિન મહિનામાં થાય છે. તેને શરદ નવરાત્રી પણ કહેવાય છે, કારણ કે તેની ઉજવણી શરદ (શિયાળાની શરૂઆત, સપ્ટેમ્બર-ઓક્ટોબર)ના સમયે થાય છે માટે.

૪. પોશ્ય નવરાત્રી : પોશ્ય નવરાત્રી પોશ (ડિસેમ્બર-જાન્યુઆરી) મહિનામાં શક્તિ (માતૃદેવીઓ)ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. પોશ્ય નવરાત્રી પોશ શુકલ પક્ષ (ચંદ્રના વધવાના તબક્કા) દરમિયાન કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

આ વર્ષે પણ આઠ નોરતાં

ગાંધીનગર જિલ્લામાં નવરાત્રી પર્વ નજીક આવતાં તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે. આખુય વર્ષ દરમ્યાન જેની યુવક-યુવતીઓ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે નવરાત્રીનો આગામી તા. ૧૬મીથી આરંભ થઈ રહ્યો છે ત્યારે આ વખતે નવરાત્રીમાં એક નોરતું ઓછું હોવાથી ગરબાના શોખીનોએ ૮ દિવસ ગરબે ઘુમી સંતોષ માનવો પડશે.

આદ્યશક્તિ માં અંબાની આરાધનાના પર્વ સમા નવરાત્રીના નવલા દિવસો ટૂંક સમયમાં જ શરૂ થવાના છે. જિલ્લા ભરમાં નવરાત્રી પર્વને ઝાકમઝોળ બનાવવા માટેની તમામ તૈયારીઓ ગરબા આયોજકોએ હાથ ધરી છે. જ્યારે ખેલૈયાઓમાં પણ નવરાત્રી પર્વનો ઉત્સાહ જોવા મળી રહ્યો હોય તેમ પર્વ અગાઉ જ દાંડીયા રાસની નેટ પ્રેકટીસ શરૂ કરી દીધી છે. નવરાત્રી એટલે શક્તિ આરાધનાનું પર્વ નવરાત્રી દરમ્યાન જિલ્લાના લાખો માઈ ભક્તો નવરાત્રીના દિવસો દરમ્યાન મા અંબાની પૂજા-અર્ચના કરતા હોય છે તો ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘૂમે છે. આગામી તા. ૧૬ ઓકટોબરે શારદીય નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે જે ૨૪ ઓકટોબરે પૂર્ણ થશે કારણ કે આ વર્ષે ચોથા નોરતાનો ક્ષય છે.

૧૯ઓક્ટોબરે ચોથા નોરતાને બદલે પાંચમું નોરતું હશે જિલ્લામાં નવરાત્રી દરમ્યાન નવ દિવસો પણ ખેલૈયાઓને ઓછા પડતા હોય છે. ત્યારે નવરાત્રીમાં એક દિવસ ઓછો હોવાથી ખેલૈયાઓને રમવામાં એક દિવસનોઘટાડોથયોછે. એક માન્યતા મુજબ નવરાત્રીમાં તિથિનો ક્ષય થાય તો અશુભ બાબત ગમાતી હોય છે. પરંતુ શક્તિ ઉપાસકોના મત મુજબ જે લોકો માતાજીનુંસ્થાપન કરતા હોય અને વર્ષોથી નવરાત્રી પુજન કરતા હોય તેમને વહેમ કે અંધશ્રદ્ધા રાખવાની જરૂર નથી. નવરાત્રીના નામમાં જ તેનો અર્થ અને મહિમા છે તે માટે એક તિથિ ઓછી હોય તો કાંઈ અશુભ થતું નથી માટે નવરાત્રી દરમ્યાન માતાજીની ઉપાસના કરવી જોઈએ.

ટીકીટ મળશે તો ગુજરાતમાં એક ડઝન ઓફિસરો ચૂંટણી મેદાનમાં

લોકપ્રિય ટી. એન. શેષાન નિષ્ફળ ગયા, જસપાલસિંગ સફળ રહ્યા

ભાજપમાં ઘોડાસરા વિધાનસભા હાર્યા પણ પ્રજાપતિ જીતી ગયા

(વિશેષ પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર, તા.૯

ગુજરાતના રાજકારણમાં ઝંપલાવતા કેટલાક અધિકારીઓ સફળ થાય છે તો કેટલાક નિષ્ફળ રહે છે. રાજકીય પાર્ટીઓ જો ટીકીટ આપશે તો ૧૨ થી વધારે ઓફિસરો ચૂંટણીના મેદાનમાં હશે. ઓફિસરોની વફાદારીની કદર ભાજપની જેમ કોંગ્રેસ કરે છે, અને હવે તો પરિવર્તન પાર્ટી પણ વફાના બદલામાં સામેલ થઈ ચૂકી છે.

ભારતમાં ચૂંટણી કરાવવાની જેમણે જવાબદારી નિભાવી છે તેવા પૂર્વ ચીફ ઈલેકશન કમિશનર ટી.એન.શેષાન ૧૯૯૭માં શિવસેનાના ઉમેદવાર બનીને રાષ્ટ્રપતિની તેમજ ગુજરાતમાં ૧૯૯૯માં ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણી સામે લોકસભાની ચૂંટણી હારી ગયા હતા. આ એક એવાં અધિકારી હતા જેમના ચૂંટણી સુધારાથી દેશભરની પાર્ટીઓના નેતાઓને આંખે પાણી આવી ગયા હતા.

શેષાન લોકોમાં એટલા લોકપ્રિય બની ગયા હતા કે ચોરે ને ચૌટે ચૂંટણી સમયે લોકો તેમની વાહવાહ કરતા હતા, પરંતુ મત આપવાનો વારો આવ્યો ત્યારે આ શેષાનને કોઈ ઓળખી શક્યું નહીં.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી સમયે શેષાનને કોંગ્રેસે ટીકીટ આપી હતી. બીજી તરફ પોલીસ અધિકારી રહી ચૂકેલા અને ચૂંટણી લડેલા જસપાલસિંગ ગુજરાતમાં સફળ રહ્યા હતા. ભાજપ છોડ્યા પછી તેઓ ચૂંટણીઓ હારતા આવ્યા છે.

રાજકારણમાં સરકારી અધિકારીઓનો પ્રવેશ થાય તે સારી બાબત છે પરંતુ તેઓ મતદારોમાં લોકપ્રિય બની શકતા નથી. ભૂતકાળમાં કોંગ્રેસમાંથી ઘણાં ઓફિસરો ચૂંટણી લડી ચૂક્યાં છે પણ બધાં સફળ રહ્યા

● અનુસંધાન પાન-૭ પર

પૂર્વ રાજ્યપાલ નવલ કિશોર શર્માનું નિધન

રાજ્યપાલ-મુખ્યપ્રધાનની અંજલિ

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના પૂર્વ રાજ્યપાલ પંડિત નવલકિશોર શર્માનું દુઃખદ નિધન થતાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી

રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજી અને વિધાનસભા અધ્યક્ષ ગણપતભાઈ વસાવાએ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરીને શ્રદ્ધાંજલી અર્પી છે.સ્વ. પંડિત નવલકિશોર શર્માને શ્રદ્ધાંજલી અર્પતા રાજ્યપાલ ડો. કમલાજીએ જણાવ્યું હતું કે, દેશે એક સાચા દેશભક્ત, કુશળ પ્રશાસક અને વરિષ્ઠ રાજનીતિજ્ઞ ગુમાવ્યા છે જેની ખોટ ક્યારેય પુરી શકાય તેમ નથી. મુખ્યમંત્રીએ પાઠવેલા શોકસંદેશામાં સ્વર્ગસ્થ પંડિત નવલકિશોર શર્માને સાચા ગાંધીવાદી, સાદગીભર્યું અને વિદ્વતાપૂર્ણ જીવન જીવનારા દેશભક્ત ગણાવ્યા હતા અને જણાવ્યું હતું કે, તેઓએ સાચા અર્થમાં લોકશાહી મૂલ્યોને આત્મસાત કર્યા હતા. ગુજરાતના રાજ્યપાલ પદે બિરાજમાન રહીને તેમણે સંવેધાનિક અને બંધારણીય સંસ્થાઓનું જતન કેમ કરવું અને તેનો માન-મરતબો કેમ જાળવવો તે અંગે કોઈ સમાધાન કર્યું ન હતું.

ભાજપ-કોંગ્રેસના ચર્ચાતા સંભવિત ઉમેદવારોનાં નામોનો સર્વે કરવા જિલ્લા પ્રભારી મંત્રીઓને સૂચના

સ્થાનિક લોકો અને કાર્યકરો પાસેથી ઉમેદવારોનાં નામોનો તાગ મેળવાશે : જિલ્લા પ્રભારી મંત્રીઓએ અહેવાલ તૈયાર કરી પ્રદેશ નેતાગીરીને સોંપશે : બદલાયેલ રાજકીય જ્ઞાતિ સમીકરણોને ધ્યાનમાં રાખી ઉમેદવાર પસંદ કરાશે : વર્તમાન ધારાસભ્યો અંગે પણ અભિપ્રાયો મેળવાશે

ગાંધીનગર, તા. ૯

રાજ્યના તમામ વિધાનસભા મત વિસ્તારોમાં ભાજપ અને કોંગ્રેસના સંભવિત ઉમેદવારોના ચર્ચાતા નામો મેળવવા અને અહેવાલ આપવા માટેના આદેશો ભાજપે જિલ્લા પ્રભારી મંત્રીઓને આપવામાં આવ્યા છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાં ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી માટેની કવાયત હાથ ધરી છે. આ વખતે વિધાનસભા ચૂંટણીઓ નવા સિમાંકન પ્રમાણે યોજાનારી હોઈ દરેક વિધાનસભા મત વિસ્તારમાં રાજકીય અને જ્ઞાતિ સમીકરણો બદલાવા પામ્યા છે. જેના કારણે કેટલીક બેઠકો પરના ચાલુ ધારાસભ્યોને પણ બદલવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.

વિધાનસભા ચૂંટણી નવા સિમાંકન પ્રમાણે યોજાનારી હોઈ બદલાયેલ મત વિસ્તાર રાજકીય અને જ્ઞાતિ સમીકરણને ધ્યાને રાખીને આ વખતે ભાજપે પણ પોતાની ઉમેદવાર પસંદગીની પેટર્નમાં આમુલ પરિવર્તન લાવીને ઉમેદવાર પસંદગી માટેનો નવો કાઈટેરીયા નક્કી કર્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત ભાજપ નેતાગીરીએ જિલ્લા પ્રભારી મંત્રીઓને તેમના પ્રભારી જિલ્લામાં તમામ વિધાનસભા બેઠકો પર ભાજપ પક્ષમાં કોના નામો ચર્ચાય છે, કોંગ્રેસના કયા ઉમેદવારોના નામો ચર્ચાય છે, જ્ઞાતિ સમીકરણો પ્રમાણે હાલમાં જે ધારાસભ્ય છે તેમનો પણ સ્થાનિક લોકોમાંથી અભિપ્રાય લેવા અને આ તમામ વિગતોનો તાગ મેળવીને અહેવાલ આપવા માટેના આદેશો જિલ્લા પ્રભારી મંત્રીઓને આપવામાં આવ્યા છે.

જિલ્લા પ્રભારી મંત્રીઓએ સ્થાનિક લોકો પક્ષના કાર્યકરો અને સમાજના આગેવાનો પાસેથી પણ સંભવીત ઉમેદવારોના નામો અંગેના અભિપ્રાયો મેળવવાના રહેશે.

જિલ્લા પ્રભારી મંત્રીઓ દ્વારા આ અહેવાલો પ્રદેશ નેતાગીરીને સુપરત કરવામાં આવ્યા બાદ આગામી નવરાત્રી પર્વ બાદ બેઠકોનો દોર શરૂ થનાર છે. જેમાં પ્રભારી મંત્રીઓ દ્વારા રજુ કરવામાં આવનાર અહેવાલ પર જિલ્લા દીઠ બેઠકોની સમીક્ષા કરવામાં આવશે. જેમાં દરેક બેઠક પરના ભાજપ કોંગ્રેસના સંભવિત ઉમેદવારોના નામો અંગે ચર્ચા વિચારણા કરીને સમીક્ષા કરવામાં આવશે અને નવા સિમાંકન પ્રમાણે જ્ઞાતિ સમીકરણોનો પણ અભ્યાસ કરીને સંભવિત ઉમેદવારોની પેનલ યાદી તૈયાર કરવામાં આવશે.

ત્યારબાદ પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં જિલ્લા પ્રભારી મંત્રીઓના અહેવાલ અને તેના પરથી તૈયાર કરવામાં આવેલી પેનલ યાદી રજુ કરવામાં આવશે અને તેના પર ચર્ચા વિચારણા કરીને આખરી ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરીને મોવડીમંડળની મંજુરી અર્થે રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

MOTOR ACCIDENT CLAIMS
JURISDICTION, MUMBAI
Miss Anushka Krishnaprasad Gupta
...Applicant
V/s.
M/s Great Firstrade Pvt. Ltd.
...Opponent
AND
Bajaj Allianz Gen. Ins. Co. Ltd.
... Insurer
To,
Mr. Great Firstrade Pvt. Ltd.
Shop No.A/6, 380, Gr Floor,
Gurukripa Business Centre
HDFC Bank, Sitwala
Dadara Nagar Haveli - 396230
By Order
For Administrator
M.A.C. Jurisdiction, Mumbai
S. H.S. Marg, Mumbai - 400 001.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com